# મુખ્યમંત્રીને આવકારવા અધીરા બનેલા તંત્રને અર્પણ

## પાલનપુરમાં નર્કાગારમાં રહેતા લોકોની સી.એમ.નો કાળા વાવટા સાથે વિરોધની ચીમકી : લડબી નદીમાં ઠલવાતા ભૂગર્ભ ગટરના ગંદા પાણીથી ૩૦થી વધુ સોસાયટીઓના રહીશો ત્રાહિમામ : સતત રોગચાળાના ભયના ઓથાર તળે જીવતા લોકોએ હિજરત કરવાની આપી ચીમકી



તસવીર : હરેશ જોષી

પાલનપુરમાં રાજ્ય કક્ષાના ધ્વજ વંદન સમારોહને પગલે એકબાજુ સમગ્ર શહેરને શણગારવામાં આવી રહ્યું છે. અને રીનોવેશન સાથે વિકાસના કામો હાથ ધરી ફુલગુલાબી ચિત્ર રજૂ કરવા માટે તંત્ર અધીરુ બન્યું છે. બીજીબાજુ શહેરના એંગોલા રોડ પર આવેલી ૩૦થી વધુ સોસાયટીઓ આજે પણ નર્કાગારમાં જીવી રહી છે. ત્યારે આ સોસાયટીઓના રહીશોએ ગંદકી દૂર નહી થાય તો મુખ્યમંત્રીનો કાળા વાવટા ફરકાવી વિરોધ કરવાની ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં જ સ્વચ્છતા અભિયાનના સરેઆમ લિરા ઉડી રહ્યા છે. પાલનપુર શહેરમાં આવેલી લોકમાતા લડબીનદીના વહેણમાં ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. ત્યારે યોગ્ય નિકાલના અભાવે શહેરના એંગોલા રોડ પર આવેલી ૩૦થી વધુ સોસાયટીઓમાં આ ગટરનું ગંદુ પાણી ભરાઈ રહે છે. જેને પગલે મચ્છરોના ઉપદ્રવ સાથે માથું ફાટી જાય તેવી દુર્ગંધ ફેલાઈ રહી છે. જેને કારણે લોકો માંદગીના બિછાને પટકાઈ રહ્યા છે. છતાં તંત્રના પેટનું પાણીયે હલતું નથી. છેલ્લા ૧૫ વર્ષથી આ સમસ્યાનો સામનો કરી રહેલા સ્થાનિક રહીશોની ધીરજ હવે ખૂટી રહી છે. જેથી તેઓ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી તરફ મીટ માંડીને બેઠા હોવાનું કમલેશ મહેતાએ જણાવ્યું હતું.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા રૂ.૧૩૭ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના અમલમાં મુકાઈ છે. પરંતુ આ યોજના આ વિસ્તારના રહીશો માટે તો શિરદર્દ સમી પુરવાર થઈ રહી છે. સતત રોગચાળાના ઓછાયા તળે જીવતા લોકોએ સ્થાનિક નગરસેવકો સહિત તંત્રને વારંવાર રજૂઆતો કરી છે. પણ કોઈ પરિણામ આવ્યું નથી. ત્યારે કંટાળેલા રહીશોએ મુખ્યમંત્રીના આગમન ટાણે કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શિત કરવાની ચીમકી ઉચ્ચારી છે. અને છતાં પણ ન્યાય નહીં મળે તો હિજરત કરવા પણ મજબુર બનશે તેવું ગણેશ યુવક મંડળના પ્રમુખ વિજયભાઈ પુરોહિતએ જણાવ્યું હતું.

જોકે, આ અંગે સ્થાનિક નગરસેવક અને બાંધકામ કમિટીના ચેરમેન અતુલ ચોકસીએ જણાવ્યું હતું કે, હિટાચી ઉતારવા જઈએ તો પાઈપો તૂટી જાય તેમ છે. જેથી ૨-૪ દિવસમાં જેસીબી મશીનથી સફાઈ હાથ ધરાશે. જોકે, જ્યાં સુધી ઓક્સિડેશન પોન્ડ નહીં બને ત્યાં સુધી સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય ન હોવાનો એકરાર તેઓએ કર્યો હતો.

આમ, ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહ્યા છે. ત્યારે ગંદકી વચ્ચે સબડતા લોકોએ હવે મુખ્યમંત્રીનો કાળા વાવટા ફરકાવી વિરોધ કરવાની ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

### ભાજપના ગઢમાં જ વિરોધના સુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના અણઘડ વહીવટને પગલે ભાજપના ગઢ ગણાતા હનુમાન ટેકરી-એંગોલા રોડ વિસ્તારના રહીશોને સી.એમ.નો કાળા વાવટા ફરકાવી વિરોધ કરવાની ચીમકી આપવાની ફરજ પડી છે. આ વિસ્તારમાં પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, પાલિકા ઉપપ્રમુખ, શહેર ભાજપ મહામંત્રી, યુવા મોરચાના અગ્રણીઓ સહિત ભાજપના દિગ્ગજ નેતાઓ રહે છે. તે વિસ્તારમાં જ રહેતા લોકોની સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં ભારે અસંતોષ વર્તાઈ રહ્યો છે. ભાજપના અગ્રણીઓ પણ અંદરખાને પાલિકાના વહીવટથી નારાજ હોવાનું જાણવા મળેલ છે.



## પ્રાંતિજના સોનાસણ ખાતે નારાયણ ગૌ સેવા સંસ્થા દ્વારા પક્ષી સારવાર કેમ્પ ખોલાયો

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સોનાસણ ખાતે નારાયણ ગૌ સેવા સંસ્થા દ્વારા ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં ઈમર્જન્સી પક્ષી સારવાર કેમ્પ ખોલવામાં આવ્યો છે તો શ્વાનો માટે ખસની દવાનાખી લાડુ બનાવવામાં આવ્યા છે.

પ્રાંતિજના સોનાસણ ખાતે કાર્યરત નારાયણ ગૌ સેવા સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રણ દિવસ માટે પક્ષી બચાવો અભિયાન સાથે પક્ષી સારવાર કેમ્પ ચાલું કરવામાં આવ્યો છે જેમાં પક્ષીઓ માટે પાણીના કૂડા, ચકલીના માળા, ચાટનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું તો દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્વાનો માટે ખસની દવા નાખીને લાડુ બનાવવામાં આવ્યાં છે જેમાં સોનાસણ તથા આજુબાજુના વિસ્તારોમાં આવેલ શ્વાનો માટે ખાસ ખસની દવા નાખીને લાડુ બનાવવામાં આવ્યા છે તો ત્રણ દિવસ માટે નારાયણ ગૌ સેવા સંસ્થા દ્વારા ગામમાં તથા આજુબાજુના ગામમાં ઘાયલ થયેલ પક્ષીઓ માટે ઈમરજર્નસી પાંચ એમ્બ્યુલન્સ સેવા પણ ઉભી કરવામાં આવી છે તો સેવાભાવી કાર્યમાં મહંત સુનીલદાસજી મહારાજ, નારાયણ ગૌ સેવા સંસ્થાના સેવક ભૈરારામ ઉર્ફે ભાવેશભાઈ ચૌધરી, ગોપાલભાઈ પટેલ, ધનેશભાઈ શાહ, જયેશભાઈ માંડવીયા, મહેશભાઈ પંચાલ, ભાણશુ શુભાષસિંહ તથા સરપંચ મનોજભાઈ પટેલ તથા ગામના કેટલાક યુવાનોએ પણ પતંગ ઉડાડવાનું બાજુમાં મુકીને સેવા સાથે સંકળાયેલા છે.





જીલ્લા મથક પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદજી ની જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેર યુવા ભાજપ અને સ્વામી વિવેકાનંદ વિકાસ કેન્દ્ર દ્વારા સ્વામી વિવેકાનંદ ની ૧૫૬ મી જન્મજયંતી પ્રસંગે પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી અને સ્વામી વિવેકાનંદ અમર રહો ના નારા સાથે આદરાંજલી પાઠવી હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ વિકાસ કેન્દ્રના સંયોજક ગણપતલાલ જોશી, પાલનપુર શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, શહેર ભાજપના મહામંત્રી અતુલભાઈ જોશી, શહેર યુવા ભાજપ પ્રમુખ અશોકભાઈ પટેલ, પાલિકા સદસ્ય હસમુખભાઈ પઢીયાર, દેવેન્દ્ર રાવલ, યુવા ભાજપના મહામંત્રી અશ્વિન પ્રજાપતિ સહિત ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.ઉદય સેવા સંસ્થાન ધ્વારા મોતીયા મુક્ત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના અભિયાન અંતર્ગત અંધજન મંડળ, અમદાવાદ, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના વિશેષ સહયોગથી ઉબસલ ગ્રામ પંચાયતના હોલમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આંખોના ૨૪૮ દર્દીઓની આંખોની ચકાસણી નિષ્ણાંત તબીબો ધ્વારા કરાઈ હતી. ૪૮ દર્દીઓને મોતીયો હોઈ બારેજા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવશે તેમ જણાવ્યું હતું. નેત્ર નિદાન કેમ્પમાં આંખોના દર્દીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરાયું હતું.

## ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચોની ટીમ ધ્વારા બાળકોને પતંગોનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચોની ટીમ ધ્વારા બાળકોને પતંગોનું વિતરણ કરાયું હતુ. અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચો ઉપપ્રમુખ મયંકકુમાર ચૌધરી,ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચો પ્રમુખ રણવીરસિંહ સિસોદીયા, મહામંત્રી ગુંજનભાઈ ચૌધરી, જીલ્લા કોષાધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ઉપપ્રમુખ મયુરભાઈ ચૌધરી, આઈ.ટી.સેલ હિરેનભાઈ પંડ્યા સહિત ભાજપ યુવા મોરચાની ટીમ ધ્વારા પતંગ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

## બાયડના રમોસ ગામ પાસે માજુમ નદીમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર જનતા રેડ

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકા ના અંબલિયારા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રમોસ ગામ પાસે થી પસાર થતી માજુમ નદીમાં દેશી દારૂની લાઈન બદ્ધ ભઠ્ઠીઓ ચાલતી હોવાની અનેકવાર રજુઆત કરવા છતાં પોલીસતંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી ન કરતા થાકીને ભાથીખત્રિ સેનાએ અને સ્થાનિક લોકોએ દેશી દારૂની ભઠ્ઠી ઓ ભઠ્ઠીઓ પર હલ્લાબોલ સાથે જનતા રેડ કરી ઝડપી પાડી ૧૩ બેરલ



ભરેલ દેશી દારૂનો નાશ કરતા જનતા રેડની પોલીસને જાણ થતા પોલીસતંત્રમાં હડકંપ ફેલાયો હતો અને સ્થાનિક પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું જનતા રેડ થતા પોલીસ ની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા હતા. બાયડના રમોસ ગામ નજીક માજુમ નદીના કોતરોમાં મોટા પ્રમાણમાં દેશી દારૂની ભઠ્ઠી ઓ ધમધમતા અને આજુબાજુના ગામના યુવાનો અને અનેક પરિવારો દેશી દારૂના ખપ્પરમાં હોમાતા માજુમ નદીના કિનારે ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ બંધ કરાવવા પોલીસતંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં કોઈ પગલાં નહિ ભરાતા ભાથીખત્રિ સેનાએ અને ગ્રામજનોએ જનતા રેડ કરતા દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા અસામાજિક તત્વો ભાગી છૂટ્યા હતા.

### ઉત્તરાયણ પૂર્વે પતંગરસિક બાળકનું મોત

## પાલનપુરમાં ચાઈનીઝ દોરી લૂંટવા જતા વીજ કરંટથી બાળકનું મોત

### પ્રતબંધિત ચાઇના દોરીએ બાળકનો ભોગ લેતા અરેરાટી

પાલનપુરમા ચાઈના દોરી લૂંટવા જતા એક ૧૨ વર્ષીય બાળકને વિજ કરંટ લાગતા તેનું મોત નિપજ્યુ હતુ. ઉત્તરાયણ પૂર્વે દોરી લૂંટવા ગયેલા કિશોરનું મોત વાલીઓ માટે લાલબત્તી સમી ઘટના છે.

પાલનપુરમા ઉત્તરાયણને લઈ શહેરમા પતંગ-દોરીનુ ધુમ વેચાણ થઈ રહ્યુ છે. જેમા ચાઈના દોરીના વેચાણ પર પ્રતિબંધ હોવા છતા કેટલાક વેપારીઓ કાયદાની ઉપરવટ જઈ પ્રતિબંધિત ચાઈના દોરી નુ વેચાણ કરી રહ્યા છે. ત્યારે આ કાતિલ દોરીએ પાલનપુરમા એક માસુમનો ભોગ લીધો છે. શહેરના અમદાવાદ હાઈવે વિસ્તારમા આવેલ ગ્રીનપાર્ક સોસાયટીમા આજે ૧૨ વર્ષનો કિશોર ધર્મેશ રાજેશભાઈ પટણી પતંગ ની ચાઈનીઝ દોરી લુટવા જતા આ દોરી જીવંત વીજ લાઈનને અડી જતા કિશોરને કરંટ લાગતા તેનુ મોત નિપજ્યુ હતુ. બનાવના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. દરમિયાન, બાળકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જોકે, ઉત્તરાણના આગલા દિવસેજ દોરી લુટવા જતા એક કિશોરનુ વિજ કંરટથી મોત થતા અરેરાટી વ્યાપી જવા પામી હતી.

## મોડાસામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી-રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

મોડાસામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી-રાષ્ટ્રીય યુવા દિવસની ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મોડાસા ખાતે ચાર રસ્તા નગરપાલિકા ટાઉન હોલ પાસે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા પાસે ગાયત્રી પરિવારના સૌ પરિજન ભાઈ-બહેનો દ્વારા સાફ સફાઈ સ્વચ્છતા કરી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પૂજન તથા ફૂલમાળા અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાયત્રી પરિવારના સૌ પરિજનો પીતવસ્ત્રમાં તથા મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ તથા અન્ય સદસ્યો, સ્ટાફ તથા શહેરના ગણમાન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે બજારમાં ઠેર-ઠેર પતંગ-દોરીની ખરીદી

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથક ખાતે ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીની ખરીદી અર્થે પતંગ રસીયાઓ છેલ્લી ઘડીએ ઉમટ્યા હતા. પતંગ-દોરીનો ભાવ આ વર્ષે આસમાને પહોંચતાં પતંગ રસીયાઓમાં નારાજગી જોવા મળી હતી. મોંઘવારીના વમળમાં વચ્ચે પતંગ રસીયાઓ ભારે મુંઝવણમાં મુંકાયા હતા.

ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીના ઠેર-ઠેર સ્ટોલ ઉપર પતંગ રસીયાઓની ભીડ જોવા મળી હતી. ભિલોડામાં ઠેર-ઠેર આ વર્ષે પતંગ-દોરીના સ્ટોલ ધારકોમાં મહંદ્ અંશે વધારો જોવા મળ્યો હતો. હાર્દસમા બજાર વિસ્તારમાં ઠેર-ઠેર પતંગ-દોરીના સ્ટોલ વેપારીઓ ધ્વારા ઉભા કરવામાં આવતા ટ્રાફીકની ભયંકર સમસ્યા સર્જાઈ હતી પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. પતંગ રસીયાઓ ઉત્તરાયણ પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરવા અવનવા રંગબેરંગી પતંગો અને દોરીની ખરીદી કરવા બજારોમાં ઉમટ્યા હતા. પતંગ-દોરીના હોલસેલ-રીટેલ સ્ટોલ ધારકોના જણાવ્યા મુજબ પતંગ-દોરીના વ્યવસાયમાં આ વર્ષે એકદંરે મંદીનો માહોલ જોવા મળ્યો હતો. ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાન-પુણ્યનો વિશેષ મહિમા હોવાના કારણે ચીકી, કચરીયું, ઉંધીયુ, જલેબી, ફાફડા સહિત અવનવી વેરાયટીઓની પણ ધુમ ઘરાકી બજારોમાં જોવા મળતી હતી.

આ વર્ષે મકરસંક્રાંતિ તા.૧૪ મીને બદલે તા.૧૫ મી જાન્યુઆરીએ ઉજવણી કરાશે સામાન્ય રીતે ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ ઉજવાય છે પરંતુ આ વર્ષે તા.૧૪મી જાન્યુઆરીના રોજ ૭:૩૪ કલાકે ધન રાશીમાંથી સુર્યનારાયણનો મકર રાશીમાં પ્રવેશ થતો હોય ચાલું વર્ષે ૧૫મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ ગણાશે તેમ કર્મકાંડી બ્રાહ્મણોએ જણાવ્યું હતું. તા.૧૫મી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ નિમિત્તે દાન પુણ્ય કરવાનું યોગ્ય ગણાશે.

ઉત્તરાયણ એટલે પુણ્યનું પર્વ ગણાય છે. ઉત્તરાયણને આપણી સંસ્કૃતિનું પરંપરાગત પર્વ ગણવામાં આવે છે. પુણ્યદાન કરવા માટે ઉત્તમ દિવસ એટલે ઉત્તરાયણ ગરીબો, બ્રાહ્મણો, ગાય અને પશુ-પંક્ષીઓને દાન કરવાનો અનેરો મહિમા શાસ્ત્રોમાં વર્ણવાયો છે. શ્વાનને લાડુ અને પક્ષીઓને જાર વ્યાપક રીતે ઉત્તરાયણ નિમિત્તે ખવડાવવાની પરંપરા વર્ષો જુની છે.

પતંગના બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો ધમધામાટ:- ઉત્તરાયણના આગમનના પુર્વે બજારોમાં પતંગ રસીયાઓની ચહલપહલ જોવા મળી હતી. આકર્ષણ ધરાવતા રંગબેરંગી પતંગો અને ધારદાર પીવડાવેલી દોરીની પસંદગી માટે પતંગ રસીયાઓ ખરીદી અર્થે ઉમટ્યા હતા.







### યાત્રાધામ અંબાજીમાં સફાઈ અભિયાન યોજાયું

ગુજરાત ના મોખરાના યાત્રાધામ અંબાજી ગુજરાત અને દેશ નું પ્રતીક છે આ ધામ રાજસ્થાન બોર્ડર અને સરસ્વતી નદી કિનારે આવેલું છે અંબાજી ધામ અરાવલી પહાડો માં આવેલું હોઈ આ ધામ આદ્યશક્તિપીઠ તરીકે ભારત ભર માં જાણીતું બન્યું છે આજે અંબાજી ના ડીકે સર્કલ પાસે સફાઈ અભિયાન યોજાયું હતું. આજે અંબાજી ખાતે અખિલ ભારતીય વિધાર્થી પરિષદ ,અંબાજી શાખા અને સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર દ્વારા અંબાજી ખોડિવડલી પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ આ સાથે એજીપીએસ ના વિધાર્થીઓ અને ઓલ ગ્લોબલ સર્વિસ કંપની ના સફાઈ કર્મચારીઓ હાજર રહી અંબાજી માં સફાઈ અભિયાન કર્યું હતું ત્યારબાદ અંબાજી માં આવેલા ખોડિવડલી સામે ના વાલ્મિકી સમાજ ના વિસ્તાર મા જઈ સફાઈ અભિયાન હાથ ધર્યું હતુ. આ કાર્યક્રમમાં આકાશ ઠાકર, ઋત્વિક સરગરા, અંકિત ખરોલ, ભાસ્કર અગ્રવાલ, બકુલેશભાઈ શુકલા, લલીતભાઈ લુહાર, વિક્રમ સરગરા અધ્યાપક શૈલેન્દ્રસિંહ રાજપુત, પ્રદિપભાઈ પંડ્યા, દિપકભાઈ દરજી,સવિતાબેન ગાયકવાડ હાજર રહ્યાં હતા.